# બાળમનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર :

**પ્રાસ્તાવિક :**

બાળમનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર એટલે બાળમનોવિજ્ઞાનમાં બાળવર્તનના વિકાસનાં જે પાસાંઓનો સૈદ્ધાંતિક તેમજ વ્યાવહારિક દૃષ્ટિબિંદુથી અભ્યાસ થતો હોય તે. આ રીતે બાળવર્તનના વિકાસના સંદર્ભમાં બાળમનોવિજ્ઞાનમાં વિકાસનાં જે પાસાંઓનો અભ્યાસ થાય છે, એ અંગેની સંક્ષિપ્ત રજૂઆત અહીં આપવામાં આવી છે.

**બાળમનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર :**

બાળમનોવિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં બાળકના વિવિધ સ્વરૂપના વિકાસનો સમાવેશ થાય છે. બાળમનોવિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

(1) જૈવિક આધારો અને જન્મપૂર્વેનો વિકાસ
(2) શિશુ અવસ્થાનો શારીરિક વિકાસ અને આરંભની શીખવાની ક્રિયા
(3) કિશોરાવસ્થાના શારીરિક ફેરફારો અને વર્તનનો વિકાસ
(4) બોધાત્મક વિકાસ અને ભાષાકીય વિકાસ
(5) આવેગિક વિકાસ
(6) સામાજીકરણ અને "સ્વ"નો વિકાસ
(7) નૈતિક વિકાસ
(8) જાતિગત (સેક્સ) ભીન્નાતાઓનો વિકાસ
(9) સમવયસ્કો અને શાળાની અસરો

**1. જૈવિક આધારો અને જન્મપૂર્વેનો વિકાસ :**

વર્તનના વિકાસનો આધાર તેના જન્મપૂર્વેના માતાના શરીરમાં થતા વિકાસ પર નિર્ભર કરે છે. આમ, ગર્ભાધાનના સમયે એકકોષી જીવ તરીકે બાળકને માતાપિતા દ્વારા મળતા શારીરિક કે જૈવિક વારસાનું સ્વરૂપ કેવું હોય છે ત્યાંથી લઈને જન્મ સુધીના સમયગાળા દરમિયાન તેના શરીરની વૃદ્ધિ કેવી રીતે થાય છે તેમજ આ સમય દરમિયાન માતાના ગર્ભાશયમાં તેના વિકાસ પર કઈ ૩ બાબતોની વિધાયક તેમજ નિષેધક અસર થાય છે એ બાબતોનો અભ્યાસ બાળમનોવિજ્ઞાનમાં થાય છે. તેની સાથે જ જન્મ સમયે બાળકના શરીર પર કેવી બાબતોની વિધાયક તેમજ નિષેધક અસરો થાય છે એ અંગેનો અભ્યાસ પણ બાળમનોવિજ્ઞાનમાં થાય છે.

**2. શિશુઅવસ્થાનો શારીરિક વિકાસ અને આરંભની શીખવાની ક્રિયા :**

શિશુઅવસ્થામાં શરીરના વિકાસની સાથે બાળકમાં વિવિધ ક્રિયાઓ કરવાની પરિપક્વતા આવવા લાગે છે અને તે શરીરના સ્નાયુઓનો ઉપયોગ કરીને જુદાં જુદાં કૌશલ્યો કરતાં શીખે છે. તેની સાથે જ શિશુની પ્રત્યક્ષીકરણ કરવાની ક્ષમતા પણ વધે છે. એને પરિણામે તેનામાં સ્પર્શ, સ્વાદ, ગંધ, દૃષ્ટિ, ધ્વનિ વગેરેનો ભેદ પારખવાની શક્તિનો વિકાસ થાય છે. શિશુની આ પ્રકારની શીખવાની ક્રિયાઓનો વિકાસ પરિપ્રક્વતા અને વાતાવરણની અસરને લીધે કેવી રીતે થાય છે તે અંગેનો અભ્યાસ બાળમનોવિજ્ઞાનમાં થાય છે.

**3. કિશોરાવસ્થાના શારીરિક ફેરફારો અને વર્તનનો વિકાસ :**

કિશોરાવસ્થા દરમિયાન બાળકની શારીરિક વૃદ્ધિ તો ઝડપથી થાય છે, પણ તેની સાથે સાથે તેના શરીરની ગ્રંથિઓના સ્રાવમાં યે બદલાવ આવે છે. એની અસરને લીધે તે પોતાની જાતિ (સેક્સ) અંગેની વિશેષ ઓળખ મેળવે છે અને આવી વિશેષ ઓળખને લીધે તેને છોકરા કે છોકરી તરીકે કેવી રીતે વર્તવું જોઈએ એ અંગેની સમજનો વિકાસ થાય છે. બાળક માટે આ સમયગાળો સંક્રમણકાળ) તરીકે ઓળખાય છે. આવા સંક્રમણકાળમાં સ્વાભાવિક રીતે જ તેનામાં માનસિક સંઘર્ષ સર્જાય છે અને તેને લીધે વર્તનની કેટલીક સમસ્યાઓ પણ ઉપસ્થિત થાય છે. બાળમનોવિજ્ઞાનમાં આવો સંક્રમણકાળ કેવી રીતે સમસ્યારૂપ બને છે એ અંગેનો અભ્યાસ થાય છે.

**4. બોધાત્મક વિકાસ અને ભાષાકીય વિકાસ :**

બાળકનો બોધાત્મક અને ભાષાકીય વિકાસ સમાંતર રીતે થતો હોય છે. આવો વિકાસ કેવી રીતે થાય છે એ વિશેના જુદા જુદા સિદ્ધાંતો મનોવૈજ્ઞાનિકોએ આપ્યા છે. આ સિદ્ધાંતો મુજબ બાળકનો બોધાત્મક વિકાસ કેવી રીતે થાય છે એનો તેમજ એની સાથે તેનો ભાષાકીય વિકાસ કેવી રીતે થાય છે એ અંગેનો અભ્યાસ બાળમનોવિજ્ઞાનમાં થાય છે.

**5. આવેગિક વિકાસ :**

વ્યક્તિના વર્તનમાં દુઃખ, આનંદ, ભય, ક્રોધ, ઈર્ષ્યા, સહાનુભૂતિ વગેરે જેવા આવેગો કે લાગણીઓ અગત્યનો ભાગ ભજવે છે. આવા આવેગોનો વિકાસ જો યોગ્ય રીતે ન થાય તો તેને લીધે અનેક સમસ્યાઓ સર્જાતી હોય છે. બાળમનોવિજ્ઞાનમાં આવા આવેગોના વિકાસમાં સામાજિક પરિબળો કેવો ભાગ ભજવે છે તેનો તેમજ આ આવેગોની વર્તન પર થતી વિધાયક અને નિષેધક અસરોનો અભ્યાસ થાય છે. તેની સાથે જ બાળકોની યોગ્ય આર્વેગિક અભિવ્યક્તિનો વિકાસ કેવી રીતે શક્ય બને એ અંગેનો અભ્યાસ પણ બાળમનોવિજ્ઞાનમાં થાય છે.

**6. સમાજીકરણ અને “સ્વ”નો વિકાસ :**

બાળક સમાજના વર્તનનાં ધોરણો મુજબ વર્તતાં શીખે એને સમાજીકરણ કહેવામાં આવે છે. આ કારણને લીધે જ જુદા જુદા સમાજો કે સંસ્કૃતિઓમાં લોકોના વર્તનની જુદી જુદી તરાહો જોવા મળે છે. બાળમનોવિજ્ઞાનમાં કુટુંબ તેમજ સામાજિક સંસ્કૃતિની અસરને પરિણામે તેનું સમાજીકરણ કેવી રીતે થાય છે એનો અભ્યાસ તો થાય છે; પણ આ ઉપરાંત તેમાં બાળકની પોતાની આગવી ઓળખરૂપ "સ્વ"નો વિકાસ કેવી રીતે થાય છે એનો અભ્યાસ પણ કરવામાં આવે છે.

**7. નૈતિક વિકાસ :**

સમાજમાં કયું વર્તન "યોગ્ય" અને કયું વર્તન "અયોગ્ય" કહેવાય એ બાબત સાથે નૈતિક વર્તનનો સંબંધ છે. બાળકના સ્વસ્થ વિકાસના સંદર્ભમાં તેનો નૈતિક દૃષ્ટિએ યોગ્ય વિકાસ થાય એ જરૂરી છે. આમ, બાળમનોવિજ્ઞાનમાં કુટુંબ, સમાજ અને શાળા વગેરે બાળકના નૈતિક વિકાસમાં કેવો ફાળો આપે છે એનો તેમજ બાળકનો નૈતિક વિકાસ યોગ્ય રીતે કેવી રીતે શક્ય બને એ અંગેનો અભ્યાસ કરવામાં આવે છે.

**8. જાતિગત (સૅક્સ) ભિન્નતાઓનો વિકાસ :**

બાળક પોતે છોકરો છે કે છોકરી છે એનો ખ્યાલ તેને શિશુઅવસ્થાથી જ આવવા લાગે છે તેમજ માતાપિતા અને અન્ય લોકો પણ તેની સાથે તેની જાતિ મુજબ વર્તે છે. **બાળકની પોતાની જાતિ વિશેની ઓળખમાં અન્ય લોકોનું તેના પ્રત્યેનું વર્તન કેવો ભાગ ભજવે છે એનો અભ્યાસ** તો બાળમનોવિજ્ઞાનમાં થાય છે, પણ તેની સાથે તેમના શારીરિક ફેરફારો આ સંદર્ભમાં કેવો ફાળો આપે છે તેનો અભ્યાસ તેમાં થાય છે. આ ઉપરાંત, જાતિગત ભિન્નતાને પરિણામે છોકરાઓ અને છોકરીઓમાં શારીરિક અને માનસિક શક્તિઓની દૃષ્ટિએ કેવી ભિન્નતાઓ હોય છે તે અંગેને અભ્યાસ પણ બાળમનોવિજ્ઞાનમાં થાય છે.

**9. સમવયસ્કો અને શાળાની અસરો :**

બાળકના વર્તનમાં સમવયસ્ક મિત્રોની, શાળાની અને સમૂહમાધ્યમોની નોંધપાત્ર રીતે અસર થતી હોય છે. આવી અસરો તેના વર્તનના વિકાસમાં કેવી રીતે ભાગ ભજવે છે એનો અભ્યાસ તો બાળમનોવિજ્ઞાનમાં થાય છે જ, પણ સાથે સાથે તેમાં આવી બધી અસરોને લીધે બાલ્યાવસ્થા પછીના સમયમાં યૌવનાવસ્થામાં એક પુખ્ત વ્યક્તિ તરીકે એનું સંક્રમણ કેવી રીતે શક્ય બને છે એ અંગેનો અભ્યાસ પણ બાળમનોવિજ્ઞાનમાં આવરી લેવામાં આવે છે.

**ઉપસંહાર**

ટૂંકમાં, ગર્ભાધાનથી યૌવનાવસ્થા સુધીના સમયગાળા દરમિયાન થતા વિકાસ પર જે કંઈ ઘટકો અસર કરે છે એ બધાનો અભ્યાસ સૈદ્ધાંતિક તેમજ વ્યાવહારિક દૃષ્ટિબિંદુઓ મુજબ બાળમનોવિજ્ઞાનમાં કરવામાં આવે છે.